# સાધ્વી જયશ્રીના ખોફથી પીડિત પરિવારની કરૂણ દાસ્તાન

પાલનપુર, તા. ૧

બનાસકાંઠાના વડગામની મોકેસ્વરની સાધ્વી જયશ્રીગીરી ના ખોફ કેટલો છે તે આજે મુંબઈથી આવેલા એક પરિવારે વ્યક્ત કર્યો છે જેમાં છેલ્લા દોઢ વર્ષથી આ પરિવાર પોતાનું ઘર છોડીને મુંબઈ ચાલ્યો ગયો હતો.

છેલ્લા કેટલાય સમયથી મંબુઈ રહેવા ગયેલા જોશી પરિવારે સાધ્વી જયશ્રી ગિરી સામે કાનૂની સંકજામાં ફસાઈ હોવાના સમાચાર મીડિયા ના માધ્યમ થી મળતા આજે એ પીડિત પરિવાર મંબુઈથી પાલનપુર આવ્યો હતો અને તેમને મીડિયા સામે સાધ્વીના ખોફની કેફિયત રજુ કરી હતી જેમાં પાલનપુર શહેરના ગૌરીપાર્કમાં રહેતા શશીકાંત જોશી તેઓ સાધ્વીના નિવાસસ્થાનની બાજુમાં રહેતા હતા. એક પડોશી તરીકે સાધ્વીના સંપર્કમાં આવ્યા બાદ શશીકાંત જોશીએ ધંધા માટે રૂપિયા ૫ લાખ વ્યાજે લીધા હતા. સમય પ્રમાણે મૂડી સહિત લાખો રૂપિયાનો વ્યાજ આપવા છતાં સાધ્વીએ ત્રાસ ગુજારવાનો ચાલુ રાખ્યો હતો. છેલ્લે સાધ્વીને ખબર પડી કે શશીકાંત પાસે ખેતર અને મુંબઈમાં મિલ્કત હોવાની જાણ થતા સાધ્વીની દાનત બગડી અને તેને પીડિત પરિવારને ઘરે જઈને ધમકી આપવાનું શરૂ કર્યું અને તેની પાસેથી રૂપિયા ૫૦ લાખની ખંડણી માંગી હતી દરરોજ સાધ્વીના ખંડણી ખોફથી બચવા માટે પરિવારે આજથી દોઢ વર્ષ પહેલા પાલનપુર છોડીને મુંબઈ ભાડાના મકાનમાં રહેવા લાગ્યા હતા. જો શશીકાંત જોશીના પુત્ર સાથે પણ સાધ્વીએ કરેલા કારસ્તાનને ખુલ્લા પડતા દર્શન જોશીએ જણાવ્યું હતું કે આ સાધ્વીના વેશમાં શેતાન છે. સાધ્વી કોઈપણ વ્યક્તિને મારામારી કે બંદૂક નો ડર બતાવી કોઈપણ વસ્તુ છિનવી લેતી તેમજ ધાક ધમકી આપવી એ તેનો સ્વભાવ છે. સાધ્વી પાસે આખી ગેંગ રહેતી જે સાધ્વીના ઈશારા પર કઈ પણ કરતી હેતી.



જો કે સાધ્વી કાનૂની સકંજામાં કેદ થયાના મીડિયાના માધ્યમથી જાણ થતા આ પીડિત પરિવાર મુંબઈથી પાલનપુર દોડી આવ્યો હતો અને મીડિયા સાથેની વાતચીતમાં સાધ્વી જયશ્રીગીરીના ખોફની હકીકત રજુ કરતા પીડિત શશીકાંત જોશી ગળગળા થઈ ગયા હતા અને સાધ્વી સામે ફરિયાદ દાખલ કરવાની તજવીજ હાથધરી હતી તેમજ સાધ્વીની સચ્ચાઈ અન્ય લોકોને પણ અપીલ કરી હતી તેમજ સાધ્વી દ્વારા અન્ય લોકોની મારામારીના દર્શ્યો જોયાને પગલે સાધ્વી કહેવા પર શરમ આવતી હોવાનો ખુલાસો કર્યો હતો. જો કે હાલમાં સાધ્વી સામે કેટલાય કેસ નોંધાઈ રહયા છે ત્યારે પોલીસ સાધ્વીના ગુનાહિત ઈતિહાસની તપાસ કરે તો હજુ ઘણી ચોંકાવનારી વિગતો ખુલી શકે તેમ છે.

# ખેડબ્રહ્મા નગરપાલિકાનું ૩૦.૮૯ કરોડનું બજેટ મંજુર

ખેડબ્રહ્મા, તા. ૧

ખેડબ્રહ્મા નગરપાલિકાની મંગળવારે મળેલી સામાન્ય સભામાં વર્ષ ૨૦૧૭-૧૮નું ૬.૩૫ કરોડની પુરાંતવાળુ બજેટ સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યું હતું. બજેટમાં નવા વર્ષમાં બાંધકામ-દિવાબત્તી-પાણી પુરવઠા અને આરોગ્ય જેવાં કામો કરવામાં આવશે.

પાલિકાના ચીફ ઓફિસર સાવિત્રીબેન સોની તથા એકાઉન્ટન્ટ શૈલેષભાઈ પાસેથી મળતી માહિતી અનુસાર મંગળવારે પાલિકા પ્રમુખ સાગરભાઈ પટેલના અધ્યક્ષસ્થાને સામાન્ય સભા મળી હતી. જેમાં ૩૦.૮૯ કરોડનું વિકાસલક્ષી બજેટ સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યુ હતુ. જેમાં ૬.૩૫ કરોડની પુરાંત દર્શાવવામાં આવી છે.

આ બજેટમાં પાણી પુરવઠા માટે ૧.૫૫ કરોડ, આરોગ્ય માટે ૧.૩૭ કરોડ, દિવાબત્તી માટે ૭૨ લાખ, ગટર વ્યવસ્થા માટે ૪૯ લાખ-મિશન મંગલમ યોજના માટે ૧.૦૩ કરોડ તથા બાંધકામ માટે ૧.૫૧ કરોડ અને દવા વિભાગ ૧.૦૩ કરોડના ખર્ચની જોગવાઈ કરવામાં આવી છે. જ્યારે બજેટમાં કર અને વેરાની આવક ૨.૩૭ કરોડ, ઓક્ટ્રોય-૧ કરોડ, દવા વિભાગ ૧.૮૪ કરોડ તથા અન્ય આવક ૨.૬૪ કરોડ દર્શાવાઈ છે. આમ ગત વર્ષની પુરાંત ૪.૪૦ કરોડ મળી ૩૦.૮૯ કરોડની આવક દર્શાવવામાં આવી છે. ગત વર્ષની ૪.૪૦ કરોડની પુરાંતમાં ૯૫ લાખની વધુ પુરાંત મળી ૬.૩૫ કરોડની પુરાંતવાળા બજેટને પ્રજામાં આવકાર મળી રહ્યો છે.

# પ્રાંતિજ એપ્રોચ રોડ વિસ્તારમાં પાણીની વિકરાળ બનતી સમસ્યા

ગાંધીનગર, તા. ૧

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના હાર્ટ સમાન એપ્રોચ રોડ ઉપર છેલ્લાં ત્રણ દિવસથી પાણી ના મળતા આ વિસ્તારના રહિશોમાં રોષ જોવાં મલ્યો છે અને અવાર-નવાર આજ વિસ્તારમાં પાણીનો કકળાટ રહેલો ત્યારે તંત્ર દ્વારા કાયમી ધોરણે ઉકેલ લાવવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે. પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર આવેલ હરિઓમ પાર્ક, આશીર્વાદ સોસાયટી, પટેલ ધરોથી લઈને અનેક સોસાયટી આ વિસ્તારમાં આવેલ છે અને અવાર નવાર પાણીની સમસ્યા ઉભી થાય છે ત્યારે ફરી ત્રણ-ચાર દિવસથી સોસાયટીઓમાં પાણી ના મળતાં રહિશોને પાણી ના મળતાં પાલિકામાં રજુઆતો કરવા છતાં કોઈ નિવેડો લાવવામાં આવ્યો નથી અને સોસાયટીમાં રહેતાં રહીશોને પ્રાથમિક જીવન જરૂરિયાત પાણી ના મળતાં રહિશોએ પાલિકામાં રજુઆત કરવા છતાં કોઈ કાર્યવાહી હાથ ધરવામાં ના આવતાં સોસાયટી તથા આસપાસના વિસ્તારોમાં રહેતાં રહિશોને ભર શિયાળે પાણી માટે વલખાં મારે છે અને રહિશોએ મકાનમાં બનાવેલ હોજમાં પણ તળીયા દેખાય છે ત્યારે પાલિકા દ્વારા રહિશોની રજુઆત કાયમી ધોરણે અંત લાવે તેવી પણ માંગ ઉઠવા પામી છે.

# તલોદના બોરીયા-બેચરાજી ગામે નજીવી બાબતે હિંસક તકરાર

તલોદ, તા. ૧

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના બોરીયા-બેચરાજી ગામ ખાતે નહિવત બાબતે થયેલી તકરારમાં ઉશ્કેરાઈ ગયેલા બે ઈસમોએ એક વ્યક્તિને હાથ ઉપર ધારિયાનો ઘા ઝીંકી દેતા હોબાળો મચી જવા પામ્યો હતો. ઈજાગ્રસ્તને તત્કાલ તલોદ અને ત્યાંથી હિંમતનગર ઉચ્ચ દાક્તરી સારવાર અર્થે લઈ જવાની ફરજ પડી હતી.

બોરીયા-બેચરાજી ગામના યોગેન્દ્રસિંહ દલપતસિંહ ઝાલાએ તલોદ પોલીસ દફતરે નોંધાવેલ ફરિયાદ અન્વયેની વિગત એવી છે કે તેમના પિતા દલપતસિંહ વજેસિંહ ઝાલાને ગામના જ બે ઈસમો વિક્રમસિંહ દિલુસિંહ ઝાલા અને વિશ્વપાલસિંહ વિક્રમસિંહ ઝાલાએ કહેલ કે તમે અમારા ઘર આગળથી કેમ નીકળો છો ? તુ..તુ..મેં..મેં..થી ગાળાગાળી સુધી પહોંચેલી આ તકરારમાં વિક્રમસિંહે દલપતસિંહના ડાબા હાથના કોણીના ભાગ ઉપર ધારિયાનો ઘા ઝીંકી દઈને ભારે ઈજાઓ પહોંચાડી હતી. તેમજ વિશ્વપાલે દલપતસિંહને પકડી રાખી ગદડાપાટુનો માર માર્યો હતો. આમ બાપ-દિકરાએ મળી દલપતસિંહ ઉપર હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી.

ફરિયાદ અન્વયેના ગુનાની તપાસ એએસઆઈ હરગોવનભાઈ ચલાવી રહ્યા છે.



અરવલ્લી જિલ્લાની સહકારી સંસ્થાઓને વિવિધ કૃષિ ફસલ જેવી કે કપાસ, મગફળી, તુવેર, અડદ, ઘઉંની ટેકાના નિયત કરેલા ભાવોએ ખરીદી કરવા કેન્દ્રો ફાળવી કામગીરી કરાવવાની માગણી સાથે આજ રોજ મોડાસા, માલપુર, મેઘરજ અને ભિલોડા સહિત જિલ્લાની સહકારી સંસ્થાઓના અગ્રણીઓ દ્વારા જિલ્લા કલેકટર શાલિની અગ્રવાલને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. જિલ્લામાં તાલુકા સંઘો સહિતની સહકારી સંસ્થાઓને ભૂતકાળમાં ટેકાના ભાવે ખરીદીના કેન્દ્ર ફાળવવામાં આવતાં હતાં. આ પ્રસંગે મોડાસા તાલુકા સંઘના ચેરમેન અરુણ પટેલ અને માલપુર સંઘના ચેરમેન જશુભાઈ પટેલ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.



## ભિલોડામાં રામદેવપીર મહારાજ મંદિરનો પાટોત્સવ ઉજવાયો

ભિલોડામાં માં જ્વાલા માતાજી,માં ચામુંડા માતાજી,બાબા રામદેવપીર મહારાજ મંદીરમાં ત્રીજો પાટોત્સવ યોજાયો હેલીકોપ્ટરથી પુષ્પવૃષ્ટી કરાતાં ભાવિક ભક્તોમાં આનંદની લાગણી પ્રસરી હતી.બાબા રામદેવપીર મહારાજના મંદીરમાં પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો.બાબા રામદેવ પીર મહારાજના મંદીરમાં રણુંજાથી લાવેલ નેજો મંદીરના શિખર ઉપર ચડાવ્યો હતો.બાબા રામદેવ પીર મહારાજનો ૩૨ જ્યોતનો પાઠ,ભજન સંધ્યાનો કાર્યક્રમ ધામધુમથી યોજાયો હતો.ઝુમસર ગામના નારણદાસ મહારાજ,ભાવિક ભક્તો ધ્વારા ભજન સંધ્યાનો કાર્યક્રમ યોજાયો હતો.હવન,શ્રીફ્ફ હોમ દરમ્યાન ભાવિક ભક્તો દર્શનાર્થે ઉમટ્યા હતા. ભાવિક ભક્તોએ મહાપ્રસાદીનો લાભ મેફ્વી ધન્યતા અનુભવી હતી.ભિલોડામાં માં જ્વાલા માતાજી,માં ચામુંડા માતાજી,બાબા રામદેવપીર મહારાજ મંદીર સમિતી,મહિલા મંડ્ફ,ભિલોડા ગ્રામ પંચાયત પુર્વ સરપંચ ભીખાભાઈ ભાટીયા,હિરાબેન ભાટીયા,કલ્પેશભાઈ ચૌહાણ,ભાવિક ભક્તો,સેવાભાવી કાર્યકરોએ ધાર્મિક કાર્યક્રમને સફ્ફ બનાવવા જહેમત ઉઠાવી હતી.

# ધાનેરા નગરપાલિકામાં વિવિધ સમિતિના ચેરમેનોએ વિધિવત ચાર્જ સંભાળ્યો

ધાનેરા નગરપાલિકા ખાતે આજે વિવિધ સમિતિ ના ચેરમેનોની રચના કરવામાં આવી હતી જેમાં ભાજપ ના આગેવાનો સહીત પાલિકા ના સભ્યો કર્મચારીઓ તેમજ મોટી સંખ્યા લોકો હાજર રહ્યા હતા.

ધાનેરા નગરપાલિકા ખાતે આજે નવા નિમાયેલા વિવિધ સમિતિ ના ચેરમેનોએ વિધિવત રીતે ચાર્જ સાંભળ્યો હતો જેમાં કારોબારી ચેરમેન તરીકે હંસાભાઈ વજાભાઈ પરમાર,પાણી પુરવઠા ચેરમેન તરીકે ઈન્દુબેન રાજુભાઈ જોશી અને બાંધકામ સમિતિ ના ચેરમેન તરીકે બાબુભાઈ સુથારે ચાર્જ સંભાળ્યો હતો આ પ્રસંગે ઉપસ્થિત રાજકીય આગેવાનો તથા નગર ના પ્રજાજનો ધ્વરા નામ નિમાયેલા ચેરમેનો નું ફુલહાર પહેરાવી અને મૉમીઠું કરાવી અભિનંદન પાઠવ્યા હતા તો બીજી તરફ નવા નિમાયેલા ચેરમેનો ધ્વરા ધાનેરા નગર ના નગરજનોને ખાતરી આપવામાં આવી હતી કે અમને પાલિકા માં જે પણ કામગીરી સોંપવામાં આવી છે તે અમે નિષ્ઠા પૂર્વક નિભાવી ધાનેરા નગરના વિકાસ ના કામો કરી ધાનેરા નો સારો એવો વિકાશ કરશું.

## તલોદ પીએસઆઈ તરીકે એમ.કે. ખાંટે ચાર્જ સંભાળ્યો

સાબરકાંઠા જિલ્લાના તલોદ પોલીસ સ્ટેશન ખાતે પો.સ.ઈન્સ. તરીકે ફરજ બજાવતા આર.આર. દેસાઈની હિંમતનગર 'એ' ડિવીઝન પો. સ્ટેશન ખાતે બદલી થયેલ છે. જેઓને સ્થાને તલોદ પો.સ. ઈન્સ. તરીકે મહેસાણાથી બદલી થઈ આવેલા એમ.કે. ખાંટની નિમણૂંક થતાં ખાંટે તલોદ પોલીસ સ્ટેશનનો વિધિવત ચાર્જ સંભાળી લીધેલ છે. નવ નિયુક્ત પો.સ. ઈન્સ. ખાંટ તલોદ બજારની બેફાટ અને બેરોકટોક ફાલેલી ટ્રાફિક સહીતની સમસ્યાને હલ કરશે કે કેમ ? તે સમયની વાત છે જે પડકારજનક બાબત છે.

## વોન્ટેડ આરોપીને એસઓજી પોલીસે ઝડપી લીધો

મોડાસા તા.૧

અરવલ્લી જિલ્લામાં મોડાસા રૂરલ પોલીસ મથકે નોંધાયેલા ગુનાનો નાસતો ફરતો આરોપી આજરોજ સવારે જિલ્લા એસઓજી પોલીસે મોડાસા ખાતેથી ઝડપી લીધો છે. જિલ્લા પોલીસ અધિક્ષક કે.એન. ડામોર દ્વારા અસરકારક કામગીરી માટે આપવામાં આવેલ સૂચના અન્વયે જિલ્લા એસઓજી પોલીસ ઈન્સ્પેકટર સી.ડી. વણઝારાની રાહબરી હેઠળ એએસઆઈ મોહનસિંહ પુજેસિંહ તથા સ્ટાફે બતમીદારો રોકીને આ આરોપીને ઝડપી લિધો હતો.

# પ્રાંતિજમાં ગાયક કલાકાર ગમનની ઝલક જોવાં પડાપડી

## રાત્રીના સમયે દુકાનના ઓપનીંગ માટે આવતાં ગાયક કલાકારને જોવા લોકો ઉમટી પડયા

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ગાયક કલાકાર ગમનની આવવાના સમાચાર વાયુવેગે પ્રસરી જતાં ગાયક કલાકાર ગમનને જોવાં આવવાના સમાચાર વાયુવેગે પ્રસરી જતાં પ્રાંતિજ તથા તાલુકામાંથી ગાયક કલાકાર ગમન રબારીને જોવા તેના ચાહકોની ભીડ જોવા હતા અને તેમનનો પ્રિય ગાયક કલાકાર આવતા પડાપડી જોવા મળી હતી. ત્યારે મહા મુસીબતે ગાયક કલાકાર ને દુકાન માં ઓપનિંગ માટે



પ્રાંતિજ તથા આજુબાજુમાંથી કલાકાર પ્રેમીઓ ઉમટી પડયાં હતા.

પ્રાંતિજ ભાંખરીયા બસ સ્ટેશન પાસે રાત્રીનાં ૯-૩૦ કલાકે પ્રાંતિજ સીટી સેન્ટરમાં આવેલ ટેડ ફેશન દુકાનના ઓપનીંગ માટે મળી હતી. રબારી સમાજ દ્વારા પણ તેનુ સન્માન કરવામાં આવ્યું હતું. પ્રાંતિજ તથા તાલુકામાંથી ગાયક કલાકારના આવવાના સમાચાર મળતા બે કલાક અગાઉથી જ લોકો ભાખરીયા બસસ્ટેન્ડ ખાતે ઉમટીયા ધુસાડવામાં આવ્યો હતો ત્યારે કલાકાર જોડે ફોટા અને સેલ્ફી લેવા પડાપડી જોવા મળી હતી ત્યારે એકઠાં થયેલા લોકોનું અભિવાદન ઝીલતાં ઉપસ્થિત લોકોમાં ખુશી જોવા મળી હતી.

# તલોદ ખાતે રબારી સમાજ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષા માર્ગદર્શન સેમીનાર

તલોદ, તા. ૧

ઉજ્જવળ કારકિર્દી સંદર્ભે સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે માર્ગદર્શન પુરૂ પાડતો રબારી સમાજના ઉમેદવારો માટેનો એક પ્રેરણાદાયી સેમિનાર તલોદ ખાતે યોજાઈ ગયો. જેનો લાભ કુલ ૧૬૮ ઉમેદવાર ભાઈ-બહેનોએ લીધો હતો. જેઓને તજજ્ઞો દ્વારા જીપીએસસી તથા ગૌણ સેવા પસંદગી મંડળની અનેકાનેક સ્પર્ધાત્મક પરીક્ષા સંદર્ભે વિનામૂલ્યે માર્ગદર્શન અને ગાઈડ રૂપી 'ઓલ ઈન વન' નામની માર્ગદર્શિકા પણ અર્પણ કરવામાં આવી હતી.

રાયકા એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ અમદાવાદના સહયોથી યોજાયેલા આ કેમ્પનું આયોજન તલોદ ખાતેના રબારી યુવક મંડળે કર્યુ હતુ. આ માર્ગદર્શન સેમિનારનું વિધિવત ઉદ્‌ઘાટન દિપ પ્રગટાવી વડવાલા રામજી મંદિર-ઝાકના મહારાજ ગણેશદાસજીએ કરીને રબારી સમાજના યુવા-યુવતીઓને આશિર્વચન પાઠવ્યા હતા. આ સેમિનારમાં રબારી સમાજના રાજ્યભરમાં કોર્ટ કચેરી અને પોલીસતંત્ર સહિતના વિવિધ ખાતાઓમાં ફરજ બજાવતા અધિકારીઓને આમંત્રીત કરવામાં આવ્યા હતા. જેમાં મેજિસ્ટ્રેટ, ડીવાયએસપી, ડેપ્યુટી કલેક્ટર, મામલતદાર, પીએસઆઈ અને ડીવાયએસઓ સહિતના અનેક અધિકારીઓનો સમાવેશ થાય છે.

લગભગ આખો દિવસ ચાલેલા આ સમારોહમાં હાજર રહેલા સ્પર્ધાત્મક પરીક્ષાના ઉમેદવારોને કાનાના મુવાડાના સ્વ. લીલાભાઈ જીવાભાઈ દેસાઈ પરિવાર તરફથી સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી એવી 'ઓલ ઈન વન' પુસ્તીકાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આર.ઈ.સી.ટી. અમદાવાદ-ગાંધીનગર ગૃપ તેમજ કરાઈ ખાતે પીએસઆઈની ટ્રેનીંગ લઈ રહેલા ભાઈઓ તેમજ સ્થાનિક અધિકારીઓ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.

નિવૃત્ત ડીવાયએસપી એચ.આર. દેસાઈએ રબારી સમાજના યુવા-યુવતીઓનું પ્રગતિનું પ્રમુખ કારણ ઉચ્ચ અભ્યાસ, ધગશ અને સમાજની સંસ્કારિતા હોવાનું જણાવ્યુ હતુ. અન્ય મહાનુભાવો પણ સમાજના યુવાનોની પ્રગતિને બિરદાવીને એકતા અને સંગઠન મજબૂત રહે તેવી હિમાયત કરી હતી.



## હિંમતનગર ખાતે ચોથો ઈન્ટરનેશનલ ડાન્સ શો યોજાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ એકલવ્ય ફાઉન્ડેશન અને નિલકંઠ ફાઉન્ડેશન દ્વારા ચોથો ઈન્ટરનેશનલ ડાન્સ શૉ હિંમતનગર ખાતે આવેલ ગાંધી ટાઉન હોલમાં યોજાયો હતો. જેમાં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના વિદ્યાર્થીઓએ ડાન્સ શૉ માં ભાગ લીધો હતો. હિંમતનગર ખાતે ઈન્ટરનેશનલ ડાન્સ શૉ યોજાયો હતો. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા ડાન્સ શૉ માં સુંદર પરફોર્મસ કરી આવનાર વાલીઓ થતા પ્રેક્શકોના દિલ જીતી લીધાં હતા. જયારે ગુજરાતી ફિલ્મ છેલ્લા દિવસના હિરો મલ્હાર ઠાકર, યાર્સમાર્કના માલિક મનીષભાઈ શાહ, ગીતાબેન શાહ, જાયન્ટસ ગૃપ ગોલ્ડના સમીરભાઈ શર્મા, વજેશભાઈ ભાવસાર ઉપસ્થિત રહ્યાં હતા. જયારે ડાન્સ કોમ્પીટીશનમાં ભાગ લેનાર વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને એકલવ્ય ફાઉન્ડેશનના હાર્દિકભાઈ બ્રહ્મભટ્ટ દ્વારા ટ્રોફી આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા અને ગુજરાતી ફિલ્મોના હિરો મલ્હાર ઠાકરને પણ ધ પ્રાઈસ ઓફ ગુજરાત એવોર્ડ આપવામાં આવ્યો હતો.